Divya Bhaskar
January 03, 2011 | Page No: 06 |

# ભગવદ્‌ગીતાનો મર્મ સાર્થક કરવો છે' - ડો. અતુલ ચોક્સી

ભાસ્કર ન્યૂઝ . અમદાવાદ

૩૫ વર્ષથી અમેરિકામાં કાર્ડિયોલોજિસ્ટ તરીકેની પ્રેક્ટિસ કરતાં નિષ્ણાત ડો. અતુલ ચોક્સીએ પરત ફરવાનો નિર્ણય લીધો છે. ૨૦ વર્ષથી ભગવદ્‌ગીતાનો અભ્યાસ કરતાં ડો. ચોક્સી ખૂબ નજીવા દરે વધુમાં વધુ દર્દીઓના જીવ બચાવી શ્રીમદ્‌ગીતાના મર્મને સાર્થક કરવા માગે છે. ક્રિષ્ણા ઇન્સ્ટિટ્યૂટના સ્થાપક કાર્ડિયોલોજિસ્ટ ડો. અતુલ ચોક્સી તબીબ હોવાની સાથે સાથે ભગવદ્‌ગીતાના અભ્યાસુ પણ છે. તેમણે જણાવ્યું હતું કે, 'ગીતામાં પ્રભુએ કહ્યું છે કે, 'તું મારું કામ કર…' બસ આ કથન મેં જીવનમાં ઉતારી લીધું છે અને યુ.એસ.થી બધું છોડી લોકોના જીવ બચાવવા હું પાછો ફર્યો છું.